# તંત્રીલેખ

## નવું વર્ષ ક્યા નવા બદલાવો સાથે પૂર્ણ થશે તેની સૌને જીજ્ઞાસા છે

સંવત ૨૦૮૦નું નવું વર્ષ સૌના જીવનમાં સુખ શાંતિ સમૃધ્ધિ લાવે અને સૌનું સ્વાસ્થ્ય જીવનપર્યંત સારું જળવાઇ રહે તેવી શુભેચ્છા.

સંવત ૨૦૭૯નું વર્ષ પૂર્ણ થયું. બદલાતા જતા યુગમાં આપણે વધારે એક ડગલું આગળ વધ્યા. પાછળ યાદો અને જીવનપધ્ધતિ છોડી રહયા છીએ. સોસીયલ મિડીયા ઉપર એક વાત સતત ફરતી રહે છે કે જૂની જીવન પધ્ધતિ જોઇ હોય તેવી આ આપણી છેલ્લી પેઢી છે. જેની ઉંમર ઝડપથી વધતી જઇ રહી છે. આગામી ૨૫-૩૦ વર્ષ પછી તે નામશેષ થવાને આરે હશે? આમ તો કોઇ જીવનું અસ્તિત્વ જોખમાય તો સરકાર તેને સંરક્ષણ માટે પ્રયાસો કરે છે. તેનું અસ્તિત્વ ટકી રહે તે માટે વિશેષ સુવિધા અપાય છે પરંતુ અહીં આવું કશું નથી.

સાયકલની દાંડીમાંથી પગ નાખી સાયકલ શીખવી, મોયદંડા, કબડડી, સુરી, પકડદાવ, આંબલીપીપળી જેવી ગ્રામ્ય રમતો ટેસથી રમવી. ચંપલ પહેર્યા વગર આખા ગામમાં અને ખેતરમાં ટેસથી ફરવું. કાંટા વાગતા પણ તેને કાઢવાની દેશી રીતો પણ હતી.

સોસીયલ મિડીયા ન હતું. તેથી બાળકો યુવાઓ મોબાઇલમાં મોંઢુ નાખીને બેસી ન રહેતા. એકબીજા સાથે રમવાનો, ફરવાનો, ટોળટપ્પા મારવાનો સમય મળી રહેતો. તેથી સોસાયટી અને લોકો સાથે વધારે લાગણીથી જોડાઇ રહેતા. આજે તે લાગણી ઓછી થઇ ગઇ હોય તેવું ભાસી રહ્યું છે. તેની મીઠાસ ઓછી થઇ ગઇ હોય તેવું અનુભવાઇ રહ્યું છે.

પહેલા ગામમાં એક બે વ્યકિત પાસે ટેલીફોન હોતો. પછી પોસ્ટઓફિસમાં ફોન આવ્યા હતા. કોઇનો ફોન આવે તો પહેલા ફોને તે ભાઇને બોલાવતા પછી બીજી વખત ફોન આવે ત્યારે વાત કરી શકતા. માઠા પ્રસંગે પણ સમયસર સમાચાર પહોંચાડવા કઠીન હતા. અત્યારે ઘરે ઘરે મોબાઇલ થઇ ગયા છે. હવે તેના અતિરેકને કઇ રીતે રોકવો તે માથાના દુખાવા સમાન પ્રશ્ન બની ગયો છે. હવે મોબાઇલ ફોબિયા જેવી સ્થિતિ સર્જાઇ છે.

૧૯૮૦ સુધી ગામમાં કે સોસાયટીમાં એક જ બ્લેક એન્ડ વ્હાઇટ ટીવી હોતું. જેને ઘરે ટીવી હોય તેનો ભારે દબદબો રહેતો. સૌ એક જગ્યાએ ટીવી જોવા જતા. ભારત જયારે ૧૯૮૩માં વર્લ્ડકપ જીત્યું ત્યારે બ્લેક એન્ડ વ્હાઇટ ટીવીમાં મેચ જોએલી. પછી રંગીન ટીવી આવ્યા, અત્યારે ઘરે ઘરે ટીવી થઇ ગયા છે. એક એનેરો પ્રગતિનો દોર ચાલી રહયો છે. આજે ઘરે ઘરે ગાડીઓ અને સ્કુટરો છે. આપણે અદભૂત પ્રગતિ કરી છે. પરંતુ તે વખતે હવા પ્રદુષણ જેવો કોઇ શબ્દ જ ન હતો. હવા તો વળી ઝેરી હોઇ શકે? તેવો કોઇને મનમાં પણ પ્રશ્ન નહીં આવ્યો હોય. આજે બદલાતા જમાનાની આપણને ભેટ છે. ભેટ તો એવી છે કે તેનો કોઇ ઉકેલ જ નથી. હવે આપણે ગાડીઓ પાછી મૂકીને સાયકલ ઉપર આવી શકીએ તેવી સ્થિતિ નથી. આપણે ખૂબ આગળ નીકળી ગયા છીએ. આપણે આપણી ભાવિ પેઢીને કહીશું કે અમે નાના હતા ત્યારે ગામમાં એક પણ પેટ્રોલ વિહીકલ નહોતું. તે માનવા તૈયાર નહીં થાય. તો તમે જીવતા કઇ રીતે હતા. તેવો પ્રશ્ન તેમને થશે. એટલે જ આપણે છેલ્લી પેઢી છીએ જેને આ બધું જોયું છે. માણ્યું છે અને અનુભવ્યું છે. સરકારે આપણી આ બચેલી પેઢી જે ઝડપથી તેનું અસ્તિત્વ ગુમાવવા તરફ આગળ વધી રહી છે. તેના સ્મરણોની એક સંગ્રહાલય બનાવવું જોઇએ. સમય જતા તેની લોકપ્રિયતા ખૂબ વધી જશે.

અમે પહેલા ખેડા જિલ્લાના નરસંડા ગામે રહેતા હતા. ત્યાંથી મહેસાણા જિલ્લાનું અમારું વતન મકતુપુર ૧૫૦ કિલોમીટર થાય. અમે સવારે વહેલા અંધારામાં બસમાં નીકળતા. ત્યારે રાત્રે ઘરે પહોંચતા. રસ્તામાં ખાડાખીયાને લઇને શરીર થાકી જતું. આજે આટલું અંતર ત્રણ કલાકમાં આસાનીથી કાપીને પહોંચી શકાય છે. તે પણ વાસ્તવિકતા છે. સાથે સાથે સમયનો અભાવ પણ થઇ ગયો છે.

પહેલા વેકેશનમાં મામાને ઘરે જવાનું થતું તો મહીનાનું પુરુ વેકેશન રહેતા. મામાને ઘરે ભાણીયાનું અલગ સ્ટેટસ હોય છે. પરંતુ આજની ભાગદોડવાળી જીંદગીમાં હવે સમય ટૂંકાઇ ગયા છે. સંબંધોની મીઠાસ થોડી ઓછી થઇ ગઇ હોય તેવો અનુભવ થઇ રહયો છે. તેની ફરિયાદ સોસીયલ મિડીયા ઉપર થઇ રહી છે.

સૌથી મોટો બદલાવ લોકો ગામડા તરફથી શહેર તરફ ભાગી રહયા છે. આશરે ૫૦ વર્ષ પહેલા શરુ થયેલી આ દ?ડ હવે ગંભીર સ્થિતિમાં પહોંચી ચૂકી છે. બે પેઢી ગામડાથી દુર થઇ ગઇ છે. પહેલી પેઢી તિવ્ર ઇચ્છાશકિત ધરાવતી હતી કે કમાવા માટે શહેરમાં જઇ રહયા છીએ પરંતુ ગામડા સાથેનો નાતો જાળવી રખીશું. તેને તે માટે પ્રયાસો પણ કર્યા. પરંતુ તેને માટે આકરો સંઘર્ષ હતો. તેથી તે તેના પ્રયાસોમાં ઉણો ઉતર્યો. તે પોતે તો પ્રસંગોપાત ઘરે આવતો પરંતુ છોકરા ભણતા હોવાથી સાથે લાવી શકતો ન હતો. સમય કયાં ચાલ્યો ગયો તેનું ભાન જ ન રહયું. છોકરાઓ વતન તો આવતા રહયા પરંતુ તેમના માટે જોઇએ તેવું વાતાવરણ ન મળ્યું. જો કે વતનનો નાતો જાળવી રાખવા માટે ઘરડાઓ એક કહેવત આપીને ગયા હતા. તેને તેનું પાલન કર્યુ. વગડે જમીન અને ગામમાં ઘર જાળવી રાખવું તો વતન સાથેનો નાતો જળવાઇ રહેશે.

નવી પેઢીનો વતન સાથે નાતો જળવાઇ રહે તે માટે તે ખોખાખોળા કરી રહયો છે. પરંતુ બહુ ફાવટ આવતી નથી. તેના મનમાં પાકકી ગ્રંથી બંધાઇ ગઇ છે કે વધારેમાં વધારે આગામી બે પેઢી પછી આપણી આગળની પેઢી માટે વતન પારકું બની જશે. આજે પણ ગામમાં કોઇના મૃત્યુના સમાચાર આવે છે. બેસણાના ફોટામાં ટોપી કે પાઘડી જોઇએ છીએ ત્યારે લાગે છે કે ગામમાંથી એક એક વ્યકિત જે આપણને ઓળખતી હતી તે ઓછી થતી જાય છે અને આપણને ન ઓળખનારની સંખ્યા વધતી જઇ રહી છે. એક વખત એવો પણ પ્રશ્ન આવે કે તમે ક?ણ? આતો થઇ આપણી પેઢીની વાત બાકી આપણી પાછળની પેઢીને તો અત્યારથી જ તમે કોણના પ્રશ્નો પૂછાય છે. જયારે એક વખત એવો હતો કે ગામના એક એક વ્યકિત આપણને ઓળખતા હતા.

ઘરડાઘરો વધવાનું આ પણ એક કારણ છે. પહેલા ફળિયામાં પણ ઘરડાઓ સચવાઇ જતા. કોઇ સારું ન રાખે તો પાડોશી પણ જવાબદારી ઉપાડી લેતા. આજે આખી જીંદગી ગામમાં રહેલા વ્યકિતને ઘડપણમાં ગામ છોડીને શહેરમાં જવાનું થાય તો એક ઘટાદાર વૃક્ષને ઉખાડીને બીજે રોપવા જેવું થાય છે. તે નવેસરથી તેના મૂળિયા નાખવા માટે મોટા ભાગે બિનકાર્યક્ષમ બની જાય છે. પરિણામે ઘડપણ આકરૂં બની જાય છે. પહેલા તેવું નહોતું થતું. કારણકે કોઇને ગામ છોડીને જવાની જરૂર નહોતી પડતી.

બદલાવ તો ઘણા આવ્યા છે અને હજુ સતત આવી રહયા છે. આ બદલાવ ઉપર આખું પુસ્તક લખી શકાય તેમ છે અને ભવિષ્યમાં લખવાની ઇચ્છા પણ છે. આગામી ૧૦-૧૫ વર્ષમાં હજુ શું શું ફેરફાર જોવાના બાકી છે તે પણ એક કુતુહલનો વિષય છે. તે જિજીવિષા વધારે છે.

નવું વર્ષ આપણી સંસ્કૃતિ અને લોકો તેમજ ગામ સાથેનો સંબંધ વધારે મજબૂત અને ગાઢ બનાવે તેવી અપેક્ષા. જો કે તે માટેના પ્રયાસો આપણે કરવા રહયા.

# કરોડોના કેમિકલની ચોરી કરી તેની જગ્યાએ રેતી ભરી વિદેશ મોકલવાનું કૌભાંડ પકડાયું

વિદેશમાં નિકાસ કરવામાં આવતા કિંમતી એગ્રો કેમિકલ કન્ટેનરમાંથી કેમિકલ ચોરી કરી લઈ તેની જગ્યાએ રેતીનો જથ્થો ભરી મોકલી આપવાના નેટવર્કનો સુરત જિલ્લા એલસીબીની ટીમે પર્દાફાશ કર્યો છે. પોલીસે કુલ ૭૯.૬૬ કરોડનો મુદ્દામાલ રિકવર કરી ગણતરીના દિવસોમાં જ બે આરોપીને દબોચી લઈ કેમિકલ ચોરીના ત્રણ ગુનાનો ભેદ ઉકેલી કાઢ્યો હતો.

કોસંબા પોલીસ મથક વિસ્તારમાં આવેલ પીપોદરા ગામની સીમમાં ક્રિકેટ ગ્રાઉન્ડની બાજુમાં કન્ટેનર ઊભું રાખી એક ટોળકી દ્વારા ડ્રાઈવરોની મિલીભગત માં કેમિકલનો જથ્થો સગેવગે કરી તેની જગ્યાએ સિમેન્ટની બેગમાં રેતી ભરી તે હજીરા બંદર પર મોકલવાનું નેટવર્ક સામે આવ્યું હતું. કોસંબા પોલીસ મથકમાં આવા ત્રણ જેટલા ગુના નોંધાતા પોલીસ દોડતી થઈ હતી.

અંક્લેશ્વરની હેમાની ક્રોપ કેર કંપની અમેરિકાથી ૧૮૫૦૦ કિલોગ્રામનો એગ્રો કેમિકલનો ઓર્ડર મળ્યો હતો. જેની કિંમત ૨ કરોડ ૪ લાખ ૫૪ હજાર ૫૨૫ રૂપિયાહતી. જે અંકલેશ્વર થી હજીરા બંદર અને ત્યાંથી દરિયાઈ માર્ગે અમેરિકા મોકલવાનું હતું. આથી એક કન્ટેનર કંપનીનો સંપર્ક કરી તેના ચાલક ચંદ્રભાન ગંગારામ મૌર્ય મૂળ રહે ગોહાના. અયોધ્યા. ઉત્તર પ્રદેશ, હાલ રહે મોરા ચાર રસ્તા, સુરત) કેમિકલનો માલ ભરી હજીરા જવા નીકળ્યો હતો. પરંતુ હજીરા જવાની જગ્યાએ પિપોદરા ગામની સીમમાં ક્રિકેટ ગ્રાઉન્ડ પાસે કન્ટેનર ઊભું રાખી અન્ય શખ્સો સાથે મળી એગ્રો કેમિકલનો જથ્થો સગેવગે કરી તેની જગ્યાએ સિમેન્ટની બેગમાં રેતી ભરીએ જથ્થો હજીરા પહોંચાડી દીધો હતો. જે અંગે હજીરાથી કંપનીને જાણ કરવામાં આવતા સમગ્ર મામલો સામે આવ્યો હતો. એ જ રીતે ભરૂચ જિલ્લાના સારોદ ખાતે તથા પાનોલી જીઆઈડીસીમાં આવેલી પી આઈ ઈન્ડસ્ટ્રીઝમાંથી વિદેશ મોકલવા માટે એગ્રો કેમિકલ ના કુલ ૭૨ હજાર કિલો ગ્રામ જથ્થો કિંમત ૫૧ કરોડ ૭૫ લાખ ૬ હજાર ૯૫૧ નો ઓર્ડર મળ્યો હતો, જે પણ કન્ટેનરમાં ભરી તેનો ચાલક સંત શરણ અને રીંકુ સિંહ મહાજન દિન સિંગ, ગોવિંદ હોલી પ્રસાદ યાદવ, ચંદ્રભાન ગંગારામ મૌર્ય ગત ૧૯/૮/૨૦૨૩ ના રોજ હજીરા બંદર જવા નીકળ્યા હતા. પરંતુ તેમણે પણ પિપોદરા ક્રિકેટ ગ્રાઉન્ડ પાસે આ જથ્થો કાઢી લઈ તેની જગ્યાએ રેતી ભરીને કન્ટેનર મોકલી આપ્યું હતું. આ ઉપરાંત આવો જ અન્ય એક ગુનો પણ કોસંબા પોલીસ મથકમાં નોંધાયો હતો. જે અંગે તપાસ કરી રહેલી સુરત જિલ્લા એલસીબીની ટીમને ખાનગી રાહે બાતમી મળી હતી કે, ઉપરોક્ત જથ્થો અલગ અલગ જગ્યાએ કામરેજ તાલુકાના શેખપુર, વેલંજા તથા ઓલપાડ તાલુકાના સાયણ, કન્યાસી વિસ્તારમાં ગોડાઉન ભાડે રાખી તેમાં છુપાવેલ છે. જે જગ્યાએ પોલીસ શોધી કાઢી ત્યાં દરોડા પાડતા પોલીસે બે આરોપીઓ મનીષકુમાર જગદીશ પ્રસાદ શર્મા (હાલ રહે મોરારજી વસાહત, ઉધના, સુરત, મૂળ રહે તેરા, ગાવપૂર, જી. અયોધ્યા, ઉત્તર પ્રદેશ) અને ચિરાગ ઉર્ફે લાભુભાઈ બગડીયા (હાલ રહે જય યોગેશ્વર રો હાઉસ, સરથાણા, સુરત, મૂળ રહે મેવાસા વલભીપુર ભાવનગર)ની ધરપકડ કરી હતી. પોલીસે કુલ ૭૯ કરોડ ૬૬ લાખ ૮૭ હજાર ૪૨૧ રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. પકડાયેલા બંને આરોપીઓ પૈકી મનીષ શર્મા મુખ્ય આરોપી અનુપસિંગ એક જિલ્લાના રહેવાસી છે અને વર્ષોથી તે બંને એક બીજાના પરિચયમાં છે. અનુપસિંગે બનાવેલા પ્લાન મુજબ મનીષ ગુનાને અંજામ આપવા માટે કન્ટેનરમાં ભરેલ મુદ્દામાલ ગોડાઉનમાં ઉતારવા મજૂરોની તથા કેન, કોર્ડ ક્લિપ મશીન ની વ્યવસ્થા કરાવી, માલ ગોડાઉનમાં ઉતારવાનું કામ સાંભળતો હતો. જ્યારે ચિરાગ ચોરી કરેલ મુદ્દામાલ ગોડાઉનમાં ઉતારી ત્યારબાદ માર્કેટમાં તેના વેચાણ માટેનું કામ કરતો હતો. તે સેમ્પલ બતાવી તેના ભાવ નક્કી કરતો અને વેચાણ નું કામ સાંભળતો હતો.

આ ગુનામાં મુખ્ય સૂત્રધાર અન્ય જ કોઈ વ્યક્તિ હોવાનું સામે આવ્યું છે. જે અંગે પોલીસે તપાસ શરૂ કરી છે. કુલ ત્રણ વ્યક્તિઓ આ સમગ્ર પ્રકરણ સાથે સંકળાયેલી હોવાની હકીકતો સામે આવી છે. જે પૈકી એક વ્યક્તિ કંપની ડ્રાઈવર સાથે સંપર્ક કેળવી મુદ્દામાલ સગેવગે કરતો હતો. જ્યારે અન્ય બે વ્યક્તિઓ ગોડાઉન ભાડે રાખવાનું તેમજ ચોરી નો મુદ્દામાલ સગેવગે કરવાની કામગીરી કરતા હતા. મુખ્ય આરોપી સુધી પહોંચવા માટે પોલીસ દ્વારા વિવિધ પાસાઓ લઈને તપાસ કરવામાં આવી રહી છે. જો કે આ મામલે તપાસ ચાલી રહી હોય પોલીસ કંઈપણ બોલવા તૈયાર નથી.

# ઝાયડસ લાઈફ સાયન્સ ૬૮૯ કરોડમાં યુ.કે.ની લિકમેડ્સ ગ્રૂપને ખરીદશે

અગ્રણી ફાર્માસ્યુટિકલ કંપની ઝાયડસ લાઈફ સાયન્સિઝ જણાવ્યું છે કે તે તેના બોર્ડે રૂપિયા. ૬૮૯ કરોડમાં ઓરલ લિક્વિડ પ્રોડક્ટ્સ કંપની લિકમેડ્સની ખરીદી માટે મંજૂરી આપી છે. કંપનીએ તારીખ ૩૧મી ઓક્ટોબરે સ્ટોક એક્સચેન્જ સને આ માહિતી આપી હતી. કંપનીએ જણાવ્યું હતું કે ઝાયડસ લાઈફ સાયન્સ યૂકે કંપનીમાં ૧૦૦ ટકા હિસ્સો ખરીદશે. તેને જણાવ્યું હતું કે આ સોદો તેના એક્ઝિક્યુશનના ૧૦ કામકાજી દિવસોમાં પૂરો થશે.

લીક મેડ્સ જૂથની સબસિડિયરી એલ એમ મેન્યુફેક્ચરિંગ લિમિટેડ યુકેના નોર્ધમ્પ્ટન સ્થિત વિડોનમાં ઓરલ લિક્વિડ ઉત્પાદન સુવિધા ધરાવે છે. જે યુએસ અને યુકે માર્કેટમાં પ્રોડક્ટ્સ સપ્લાય કરે છે. કંપનીએ જણાવ્યું હતું કે ઝાયડસ આ ખરીદી માટે અપફ્રન્ટ ૬.૮ કરોડ બ્રિટિશ પાઉન્ડ ચૂકવશે તેમજ ૨૦૨૬ સુધીમાં કેટલાંક નિર્ધારિત સીમાચિહ્નોને આધારે વાર્ષિક અર્ન-આઉટ્સ ચૂકવશે. લિક્વિડ ઓરલ ઝડપથી વૃદ્ધિ પામી રહેલા બજાર છે અને તે ઝાયડસ માટે નોંધપાત્ર બજાર વિસ્તરણની તકો પૂરી પાડે છે. ઝાયડસ લાઈફ સાયન્સના મેનેજિંગ ડીરેક્ટર શર્વિલ પટેલે જણાવ્યું છે કે અમારા પેશન્ટ-સેન્ટ્રિક અભિગમને જોતા અમે માનીએ છીએ કે ઓરલ લિક્વિડ ફોર્મ્યુલેશન્સ વૃદ્ધ અને બાળક દર્દી માટે ઘણી અનુકૂળતા પૂરી પાડશે.







FAIR TRADERS
CHASING EXCELLENCE, DELIVERING VALUE
G-8, Ground Floor, Asian Trade Centre,
Asian Paint Chowkdi, GIDC,
Ankleshwar- 393 002, Gujarat (India)
E-mail: fairtraders_ank@yahoo.co.in
Mob: +91 90335 77707
Mob: +91 98241 11510
Authorised Dealer:
SPITMAAN®
Champion Jointing Pvt. Ltd.
Sealflex™
Jointing Sheet



• Asbestos & Non Asbestos Gasket & Sheet • Spiral Wound Gasket • Teflon Products
• All Type of Packing • Expanded PTFE Products • PVC Gasket

ISO 9001:2015 CERTIFIED
IAF
JAS-ANZ
Subhashchandra S. Rathour (Director) 98241 48450
ISO:9001:2015 Certified Company SINCE - 1998
REAL SCIENTIFIC INDUSTRIES
SUPPLIERS & REPAIRERS FOR GLASS PLANTS SYSTEMS & EQUIPMENTS
PLOT NO: 4107, NR. CRYSTAL CHOWKADI, G.I.D.C. ANKLESHWAR-393 002, DIST: BHARUCH
OFFICE PH. :02646-222761, MOB: 9824148450-9824423450 - 9904476131
E-mail : sales@realglassware.com & realglassware@gmail.com

# શ્રી સમસ્ત લેઉવા પટેલ સમાજ- બેંગ્લોર દ્વારા ગરબા નાઈટ અને સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો





શ્રી સમસ્ત લેઉવા પટેલ સમાજ- બેંગ્લોર દ્વારા ગત તારીખ ૨૯ ઓક્ટોબરના રોજ બેંગ્લોરની ધરતી પર સ્નેહમિલન અને ગરબા નાઈટ કાર્યક્રમનું ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેનશ્રી નરેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

બેંગ્લોર ખાતે મોટી સંખ્યામાં લેઉવા પટેલ સમાજના પરિવારો વસવાટ કરી રહ્યા છે. ત્યારે તમામ પરિવારો એકજૂટ થઈને એકબીજાને મદદરૂપ થઈ શકે અને સામાજિક સંગઠન મજબૂત બની રહે તે હેતુંથી વર્ષોથી બેંગ્લોરમાં શ્રી સમસ્ત લેઉવા પટેલ સમાજ- બેંગ્લોર ટ્રસ્ટ બન્યું છે. ત્યારે આ ગ્રુપ દ્વારા અવાર નવાર સામાજિક-ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવતું હોય છે. ગત તારીખ ૨૯ ઓક્ટોબર ને શરદ પૂર્ણિમાના રોજ બેંગ્લોરના બનારઘાટા રોડ પર આવેલા કલ્યાણી કલામંદિર ખાતે સ્નેહમિલન અને ગરબા નાઈટ કાર્યક્રમનું ભવ્યાતિભવ્ય આયોજન કરાયું હતું. જેમાં સૌએ સાથે મળીને મા ખોડલની આરતી કરી હતી અને ત્યારબાદ મહાનુભાવોનું સન્માન અને વક્તવ્ય યોજાયું હતું. ત્યારબાદ સૌએ સાથે મળીને ગરબે રમીને મા ખોડલની આરાધના કરી હતી.

આ કાર્યક્રમમાં શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેનશ્રી નરેશભાઈ પટેલે મુખ્ય અતિથિ તરીકે હાજરી આપી હતી. શ્રી નરેશભાઈ પટેલે સમાજની એકતાના લાભાલાભના ઉદાહરણ આપ્યા હતા. તથા વતનથી દૂર વસેલા સમાજના પરિવારને લેઉવા પટેલ સમાજ વિશે સરસ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તદ્ ઉપરાંત શ્રી ખોડલધામ ટ્રસ્ટ- કાગવડ દ્વારા ભવિષ્યમાં થનારા આયોજન વિશે સરસ માહિતી પૂરી પાડી હતી. આપણો લેઉવા પટેલ સમાજ બીજા સમાજને પણ મદદરૂપ થાય અને તમામ સમાજ એકબીજાના સહયોગથી આગળ વધે તેવી મા ખોડલને પ્રાર્થના કરી હતી જેથી કોઈપણ સમાજના સભ્યોને ભવિષ્યમાં કોઈ પણ જગ્યાએ તકલીફ ના પડે તેવી અપેક્ષા રાખી હતી.

આ કાર્યક્રમમાં શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ટ્રસ્ટી અને કચ્છ વાગડ લેઉવા પટેલ સમાજના અગ્રણી ભચુભાઈ અરેઠીયા, શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ટ્રસ્ટી બકુલભાઈ સોરઠીયા, શૈલેષભાઈ અકબરી હાજર રહ્યા હતા. કચ્છ વાગડ લેઉવા પટેલ સમાજ બેંગ્લોરના પ્રમુખ અંબાલાલ પટેલ, ભરતભાઈ બોદર સહિતના મહેમાનો હાજર રહ્યા હતા.

આ સમગ્ર કાર્યક્રમનું આયોજન શ્રી સમસ્ત લેઉવા પટેલ સમાજ બેંગ્લોર દ્વારા કરાયું હતું. જેમાં બેગ્લોરમાં વસતા લેઉવા પટેલ સમાજના અંદાજે ૧૧૦૦થી વધુ સભ્યો પરિવાર સાથે જોડાયા હતા. મહત્વનું છે કે, શ્રી સમસ્ત લેઉવા પટેલ સમાજની સ્થાપક સમિતિ ૧૬ સભ્યોની છે જેમાં. ૧. દિનેશભાઈ મૂંગરા(પ્રમુખ) ૨. શૈલેષભાઈ ગજેરા (ઉપ પ્રમુખ) ૩. સંજયભાઈ ઠુમ્મર (ઉપ પ્રમુખ) ૪. લલિતભાઈ ઢોલરીયા (ઉપ પ્રમુખ) ૫. પ્રશાંતભાઈ સોરઠીયા (સચિવ) ૬. મુકુંદભાઈ પીપળવા (ઉપ સચિવ) ૭. હિતેશભાઈ ઝાલાવાડિયા (ખજાનચી) ૮. શૈલેષભાઈ વઘાસિયા (ઉપ ખજાનચી) ૯. પરેશભાઈ પીપળીયા (સ્થાપક સભ્ય) ૧૦. રાહુલભાઈ બાલધા (સ્થાપક સભ્ય) ૧૧. બિપીનભાઈ ડોબરિયા (સ્થાપક સભ્ય) ૧૨. રાજુભાઈ મોણપરા (સ્થાપક સભ્ય) ૧૩. અલ્પેશભાઈ ગજેરા (સ્થાપક સભ્ય) ૧૪. અનિલભાઈ હિરપરા (સ્થાપક સભ્ય) ૧૫. રમેશભાઈ વોરા (સ્થાપક સભ્ય) ૧૬. મહેશભાઈ ધડુક (સ્થાપક સભ્ય)ની ભારે મહેનતથી આ કાર્યક્રમ સફળ રહ્યો હતો. આ ઉપરાંત આ કાર્યક્રમને ભવ્ય બનાવવામાં ૫ કાર્યકર્તાની ટીમે ભારે જહેમતથી સાથ આપ્યો હતો. જે ૫ ટીમ ૧. જય જવાન ૨. જય કિશાન ૩. જય સરદાર ૪. જય પાટીદાર. ૫. રાણી લક્ષ્મી બાઈ (મહિલા સમિતિ) એ ખુબ સારો સાથ સહકાર આપ્યો હતો.


### શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ સંચાલિત

## શ્રી લેઉવા પટેલ સમાજ અતિથિ ભવન- વેરાવળ સોમનાથને સફળતાપૂર્વક એક વર્ષ પૂર્ણ



શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા ચેરમેનશ્રી નરેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ શ્રી લેઉવા પટેલ સમાજ અતિથિ ભવનનું સોમનાથના વેરાવળ ખાતે નિર્માણ કરવામાં આવ્યું છે. ગત ઓક્ટોબર મહિનામાં શ્રી લેઉવા પટેલ સમાજ અતિથિ ભવન મુલાકાતીઓ માટે ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. ત્યારે ઓક્ટોબર-૨૦૨૩માં આ અતિથિ ભવનનું સફળતાપૂર્વક એક વર્ષ પૂર્ણ થયું છે.

સોમનાથ મહાદેવના દર્શનાર્થે આવતા ભાવિકોને રહેવા-જમવાની ઉત્તમ સુવિધા મળી રહે તે માટે સોમનાથ-જૂનાગઢ હાઈવે પર નિર્માણ પામેલા શ્રી લેઉવા પટેલ સમાજ અતિથિ ભવનમાં એક વર્ષમાં બહોળી સંખ્યામાં સર્વ સમાજના મુલાકાતીઓએ રહેવા-જમવાની ઉત્તમ સુવિધાનો લાભ લીધો છે. ખૂબ જ ટૂંકા ગાળામાં સોમનાથ આવતા દર્શનાર્થીઓ માટે રહેવા અને જમવા માટેનું પ્રથમ પસંદગીનું સ્થળ શ્રી લેઉવા પટેલ સમાજ અતિથિ ભવન બની ગયું છે. આ ભવનની સુવિધાનો લાભ અનેક સંતો-મહંતો અને રાજકીય-સામાજિક અગ્રણીઓએ પણ લીધો છે. આ ભવનમાં અત્યાધુનિક સુવિધા સભ ૬૪એસી રૂમ અને ડોરમેટરી છે. જયારે સવારે, બપોરે અને સાંજે શુદ્ધ અને સાત્વિક નાસ્તા અને ભોજનની પણ વ્યવસ્થા છે. શ્રી લેઉવા પટેલ સમાજ અતિથિ ભવનમાં સર્વ સમાજના મુલાકાતીઓને રહેવા-જમવાની સુવિધા પૂરી પાડવામાં આવી રહી છે. તો વધુ ને વધુ લોકો આ સુવિધાનો લાભ લે તેવી શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ અને શ્રી લેઉવા પટેલ સમાજ અતિથિ ભવન- વેરાવળ સોમનાથ ટ્રસ્ટ સૌને અપીલ સહ આમંત્રણ પાઠવે છે. બુકિંગ માટે મો.નં. ૮૭૫૮૭૮૮૮૬૦/૬૧નંબર પર સંપર્ક કરવો.

## દેવાંગ ઠાકોરની ભરૂચ ડિસ્ટ્રીક્ટ મૅનેજમેન્ટ એસોસિએશનના વર્ષ ૨૦૨૩-૨૫ માટે પ્રમુખ તરીકે વરણી



ભરૂચ ડિસ્ટ્રીક્ટ મૅનેજમેન્ટ એસોસિએશનની વર્ષ ૨૦૨૩-૨૫ માટે દેવાંગ ઠાકોરની પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી છે. તેમની સાથે વાઈસ પ્રેસિડેન્ટ તરીકેપ્રવિણદાન ગઢવી અને ડો સુનિલ ભટ્ટ , માનદ સેક્રેટરી તરીકે એ .કે. સહાની, જોઈન્ટ સેક્રેટરી તરીકે બી.ડી. દલવાડી અને રાઘવ પુરોહિત, ટ્રેઝરર તરીકે અર્પિત શાહ તેમજ કમિટી મેમ્બરમાં ડો. મહેશ વશી, સંજીવ વર્મા, પંકજ ભરવાડા, મંથન જોશી, સૌરભ કાયસ્થ તેમજ ઈમીડિએટ પાસ્ટ પ્રેસિડન્ટ હરીશ જોષીનો સમાવેશ કરવામાં આવ્યો છે.

# કેમિકલ ટ્રેડિંગમાં એડવાન્સના નામે ૧.૭૫ કરોડ રૂપિયાની ઠગાઈ


અંકલેશ્વરની એક કંપની સંચાલકને પોતે કેન્સર રોગ નિષ્ણાંત હોવાની ઓળખ આપી ઈ૦મેઈલ પર મેસેજ કરી ખાસ પ્રકારના કેમિકલનો લે-વેચના સોદા માટે ફસાવ્યા હતા.ઠગ ટોળકીએ પહેલો ઓર્ડર વ્યવસ્થિત પૂર્ણ કર્યા બાદ એડવાન્સ ના બહાને કંપની સંચાલક પાસેથી ૧.૭૫ કરોડ ઓનલાઈન ટ્રાન્સફર કરાવી ઠગાઈ કરી છે.

અંકલેશ્વર ગાર્ડન સિટીમાં રહેતા અને મૂળ મહેસાણાના બિપીનચંદ્ર ધુળાભાઈ પટેલ અંકલેશ્વર જીઆઈડીસીમાં જય ઓર્ગેનિક એન્ડ ફાર્મા નામની કેમિકલ ફેક્ટરી ધરાવે છે. તેમને જૂન મહિનામાં ડો. મેલિસા ગિબ્સન નામની એક વ્યક્તિ પોતે ઓક્રોલોજીસ્ટ (કેન્સર રોગ નિષ્ણાત) તરીકે ઓળખ આપી તેમને જણાવ્યું હતું કે, તેમને કોમ્પ્ટોથેકા એલ્યુમિનેટ અલ્ટ્રીવા એટ્રેક્ટ ડી-૩ નામના મટીરિયલની જરૂર હોવાનું જણાવ્યું હતું. જે અંગે તેમની વચ્ચે ઈ-મેઈલથી વાતચીત થઈ હતી. તેણે તેની પાસે દર ત્રણ મહિને ૫૦૦ લિટરની જરૂરિયાત હોય જો તેઓ તે મટીરીયલ અપાવે તો તેમાં તેમને ફાયદો થાય, તેમાં ૪૦ ટકા ભાગ તેમને ચુકવે તો તેના ડિરેક્ટર સાથે વાતચીત કરી તેમને કોન્ટ્રાક્ટ આપવાનું નક્કી કર્યું હતું.

બીજી તરફ તેમને જરૂરી કેમિકલ શ્રી એન્ટરપ્રાઈઝ કંપનીમાંથી મળી રહેશે તેની માહિતી પણ તેમણે આપી હતી. જે બાદ તેઓ બિપીન ભાઈ ને લક્ષ્મી પ્રથા સહિત અલગ અલગ લોકો સાથે વાત કરાવી તેનો વિશ્વાસ જીત્યો હતો. તેમણે પહેલાં એક વાર એક ઓર્ડર સમયસર આવ્યા બાદ તેમની પાસેથી વધુ ૧૦૦ લીટરનીમાત્રામાં કેમિકલની માંગણી કરતાં તેમણે શ્રી એન્ટરપ્રાઈઝ કંપનીમાં વધુ કેમિકલ નો ઓર્ડર આપતા કંપની તમને એડવાન્સ પેમેન્ટ કરવું પડશે તેમ જણાવી તેમણે અલગ અલગ બેંક એકાઉન્ટમાં તેમની પાસે તબક્કાવાર રીતે કુલ ૧.૭૫ કરોડથી વધુની રકમ જમા કરાવી હતી. જો કે, બાદમાં તેમને કંપની મટીરીયલ નહીં મોકલતાં તેમણે તેમના રૂપિયા પરત મેળવવા માટે અનેકવાર સંપર્ક કરવા છતાં કંપની કે ડો. મેલિસા ગીલ્સ કોઈ પણ તેમના ફોન- કોલ કે મેસેજ નો પ્રત્યુત્તર નહીં આપતા આખરે તેમણે ભરૂચ સાયબર સેલમાં ઠગાઈ અંગેની ફરિયાદ નોંધાવી હતી.

ઠગાઈનો આ અજબ કિસ્સો સામે આવતા લોકોમાં ચર્ચાનો વિષય બન્યો છે.

## નોટિફાઈડના ચેરમેન તરીકે હર્ષદ પટેલની વરણી



**બોર્ડ ઓફ મેનેજમેન્ટ નોટીફાઈડ એરિયા અંકલેશ્વરના નવા ચેરમેન તરીકે હર્ષદભાઈ પટેલની વરણી કરવામાં આવી છે. તેઓએ ૯ મી નવેમ્બર ના રોજ પદભાર સંભાળ્યો હતો. અંકલેશ્વર નોટીફાઈડ રેયાનો વહીવટ બોર્ડ ઓફ મેનેજમેન્ટ દ્વારા ચાલે છે.**








**T.R. ASSOCIATES**
Environmental Consultant (NABET Consultant)
Environmental Clearance (MoEF & CC/ SEAC)
Environmental Impact Assessment Report Preparation
NABL Approved Testing Laboratory (Air/Water/Soil/Noise)
T. R. Patel (Director) +91 98253 71099 | Malav Dalwadi (CEO) +91 97231 37312
E-mail: adm.trassociates@gmail.com
C-605 A, Ganesh Mardian, S.G. Highway, Ahmedabad

**Visa / Forex / Passport / Apostille & Attested** — GSTIN: 24AHZPS5467P2ZZ
**PS travels** — TAAPI Bond of Unity
Mob: +91 98251 26358 E-mail: pstravels1@gmail.com
G-31, Lake View Plaza, Opp. Shalimar Hotel, Beside Interwood,
Near Gorbandh Place, GIDC, Ankleshwar-393 002, Dist: Bharuch (Gujarat)

1. Consultancy Service for Environment Clearance, Consent to Establish, Consent to Operate, Product mix NOC & Rule-9.
2. Competent Person Services Form No. 9, 10, 11.
3. Building Stability Certification, Chartered Engg. Certification.
4. Consultancy Service for Fire NOC
5. Safety Audit, On Site, Off Site & Hazop Study.
6. Permission for Borwell from CGWA
7. Consultancy Service for GIDC Work
8. Consultancy Service for Solvent & Explosive License
9. Consultancy Service for Factory act related work

Shailesh Chaudhari +91 957 410 0078
**Ansh Consultancy** Legal Consultancy Services
Office Address: SF-51, Omkar-2 Complex, Station Road, Ankleshwar- 393 002, Dist: Bharuch, State: Gujarat INDIA
Email: anshconsultancy17@gmail.com

Munna Sing, Mob: 98244 86716 | Manish singh, Mob: 98244 18777
**FIDICON DEVICES INDIA PVT. LTD.**
Manufacturer, Exporter & Service Provider of
Process Control, Measuring Instrument & Safety Equipment
Plot No. 1706/12, Nr. Rajvi Cinema, GIDC., Ankleshwar - 393 002|Phone : 02646 - 222238 | Fax : 02646 - 223412
E-mail : sales@fidicondevices.com / fidicondevices@yahoo.com | Website : www.fidicondevices.com

**SOUTH INDIA ROADWAYS ANK.**
**KAUSHIK PACKERS & MOVERS**
TRANSPORT CONTRACTOR & COMMISSION AGENT
SERVICE: TRANSPORTATION, PACKING, UNPACKING, LOADING, UNLOADING, INSURANCE, LOCAL SHIFTING, OFFICE SHIFTING, CAR CARRIER & ESCORT FACILITY ALL OVER INDIA, DOOR TO DOOR SERVICE
Specialist for: 20,32,40,feet Container, Auto Carriers & ODC Suppliers for all over India
Add: R-15, Bhavana Farm, Rajpipla Road, Ankleshwar- 393 002
E-mail: kaushik.vapi@gmail.com, Web: www.kaushikpackersandmovers.in
Customer Care: 02646 312288
98244 21113 93779 61211
98245 02113 93740 26633


માલિક : જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ દ્વારા મુદ્રિત, પ્રકાશિત તેમજ સંપાદિત તથા ઈંકપોટ પબ્લિકેશન્સ પ્રાઈવેટ લીમીટેડ, ૫૩૦-૫૩૩, નરસિંહ એસ્ટેટ, લુબી જેલ એલ.એલ.પી. ની સામે , બસ સ્ટેન્ડની નજીક, ગામઃ મંજુસર, તાલુકોઃ સાવલી, જિલ્લોઃ વડોદરા, ગુજરાત -૩૯૧૭૭૫ ખાતે મુદ્રિત કરી ઓમકાર-૨ કોમ્પ્લેક્સ, ટી.એફ.-૬૬, ત્રીજો માળ, લોર્ડ્સ પ્લાઝા હોટેલ નજીક, સ્ટેશન રોડ, જી.આઈ.ડી.સી.,અંકલેશ્વર, જિલ્લો : ભરૂચ , રાજ્ય :ગુજરાત -૩૯૩૦૦૨ ખાતેથી પ્રકાશિત કર્યું.
તંત્રીઃ જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ / EDITOR: JITENDRAKUMAR BABALBHAI PATEL
PRINTED, PUBLISHED, OWNED & EDITED BY JITENDRAKUMAR BABALBHAI PATEL AND PRINTED AT INKPOT PUBLICATIONS PRIVATE LIMITED, 530-533, NARSINH ESTATE, OPP. LUBI GEL LLP, NEAR BUS STAND,VILLAGE: MANJUSAR, TALUKA: SAVLI, DIST: VADODARA, GUJARAT-391775 AND PUBLISHED AT OMKAR-2 COMPLEX, TF-66, THIRD FLOOR, NEAR LORDS PLAZA HOTEL, STATION ROAD, G.I.D.C, ANKLESHWAR, DIST: BHARUCH, STATE: GUJARAT-393002